## સંક્ષિપ્ત સમાચાર

### મોટી નરોલીના કિશોરનું ડૂબી જવાથી મોત

હથોડા: મોટી નરોલી ખાતે રહેતો અને કીમ હોસ્ટેલમાં અભ્યાસ કરતો ૧૫ વર્ષનો સુફિયાન અબ્દુલ મનાન ખાન મોડી સાંજે મિત્રો સાથે નવકાર ફાર્મ હાઉસના સ્વિમિંગ પુલમાં નાહવા ગયો હતો. જ્યાં ઊંડા પાણીમાં ડૂબી જતાં તેને સારવાર માટે કોસંબાની એપેક્ષ હોસ્પિટલ ખસેડાયો હતો, જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. મૂળ હરિયાણાના સલમલાના નૂરનો સુફિયાન કીમ ખાતે અભ્યાસ કરતો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, તેમના પિતાજી મોલવી તરીકે મોટી નરોલી ખાતે સેવા આપતા હતા. પરંતુ તેમનું આશરે ત્રણેક વર્ષ પહેલાં મોત થયું હતું.

### ચાપાવાડીમાં કારની ટક્કરે વૃદ્ધનું મોત

સોનગઢ: સોનગઢના ચાપાવાડી ગામે ચર્ચ નજીક રવિવારે રાત્રે એક ગંભીર હિટ એન્ડ રન અકસ્માત સર્જાયો હતો. દુકાનેથી પરત ફરી રહેલા ૫૮ વર્ષીય વસનજીભાઈ બાજ્યાભાઈ ગામીતને સોનગઢ તરફથી આવતી એક પૂરપાટ ઝડપે દોડતી ઈકો કાર નં.(GJ-26-N-7312)એ જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં વસનજીભાઈને માથા અને પગના ભાગે ગંભીર ઈજા પહોંચતાં તેમનું મોત નીપજ્યું હતું. અકસ્માત સર્જી કાર ચાલક સુરેન્દ્રભાઈ કોકણી વાહન લઈને નાસી છૂટ્યો હતો. મૃતકના પુત્ર દીપેશભાઈની ફરિયાદના આધારે સોનગઢ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### બલેશ્વરમાં આધેડનું ચક્કર આવતાં મોત

પલસાણા: પલસાણાના બલેશ્વર ગામે અવધ સાંગ્રીલામાં રહેતા ૫૯ વર્ષીય ભીખમચંદ સેઠિયાનું અચાનક તબિયત બગડતાં અને ચક્કર આવી બેભાન થઈ જતાં મોત નીપજ્યું છે. ઘટના સમયે પરિવારજનોએ તેમને તાત્કાલિક ચલથાણની સંજીવની હોસ્પિટલ ખસેડ્યા હતા, જ્યાં તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા.

### ચલથાણ નજીક નહેરમાંથી લાશ મળી

પલસાણા: પલસાણાના ચલથાણ ગામની નહેરમાંથી એક અજાણ્યા પુરુષનો મૃતદેહ મળી આવ્યો હતો. લાશ તરતી હોવાની જાણ થતાં જ લોકોનાં ટોળાં એકઠાં થયાં હતાં. કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસે તરવૈયાઓની મદદથી મૃતદેહ બહાર કાઢ્યો હતો.

### ભરૂચમાં ટ્રાફિકમાં બાધકરૂપ દુકાનદાર સામે ગુનો

ભરૂચ: ભરૂચના કસક સર્કલ પાસે આવેલી 'જી-12 ફેશન હબ' કપડાંની દુકાન સામે પોલીસે કાર્યવાહી હાથ ધરી છે. દુકાનના વહીવટકર્તા રાજુભાઈ જોગારામ દેવાસીએ જાહેર રોડ પર જાહેરાત માટેનું સ્ટેચ્યુ (પૂતળું) મૂકી ટ્રાફિક અને રાહદારીઓ માટે અડચણ ઊભી કરી હતી. ભરૂચ સી ડિવિઝન પોલીસે જાહેર જનતાને હાલાકી પહોંચાડવા બદલ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

### પાલોદમાં કબ્રસ્તાન પાસે યુવાનની લાશ મળી

હથોડા: પાલોદ ગામના તળાવ અને કબ્રસ્તાન નજીકથી ૪૫થી ૫૦ વર્ષના એક અજાણ્યા યુવાનની લાશ મળી આવી છે. પ્રાથમિક દૃષ્ટિએ યુવાનનું મોત કોઈ બીમારીના કારણે થયું હોવાનું જણાય છે. કાંતિભાઈ આહીરની ફરિયાદના આધારે પાલોદ પોલીસે તપાસ શરૂ કરી છે.

### કુકરમુંડામાં રૂ.21 હજારની ઓનલાઈન છેતરપિંડી

કુકરમુંડા: કુકરમુંડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં દેવદત મેડિકલ સ્ટોર ખાતે ફરિયાદી ભૂષણભાઈ મરાઠેના એક્સિસ બેંક ખાતામાંથી આરોપી દુર્ગેશ વિશ્વાકર્માએ UPI ID મારફતે નકલી ટ્રાન્ઝેક્શન કરી રૂ.૨૧,૦૦૦ની ઓનલાઈન છેતરપિંડી આચરી હતી. આ રકમ IndusInd અને ઇન્ડિયન ઓવરસીઝ બેંક સહિતના અન્ય ખાતાઓમાં ટ્રાન્સફર કરવામાં આવી હતી. વિશ્વાસઘાત કરી પૈસા પરત ન આપતાં કુકરમુંડા પોલીસે ગુનો નોંધી અજાણ્યા શખ્સો અને સંડોવાયેલા ખાતાધારકો વિરુદ્ધ વધુ તપાસ હાથ ધરી છે.

### આંબોલીમાં જુગાર રમતા ચાર પકડાયા

કામરેજ: કામરેજ પોલીસને મળેલી બાતમીના આધારે આંબોલી ચાર રસ્તા પાસે આવેલા ઝૂંપડાં નજીક ખુલ્લી જગ્યામાં રેડ કરી ગંજીપાના વડે હારજીતનો જુગાર રમી રહેલા આંબોલીના ધનરાજ શિંદે, નવાગામના મહેન્દ્ર વાંસફોડા, વેલંજાના કમલેશ વાસફોડા અને પલસાણાના વાંકાનેડાના શ્રવણ વાસફોડાને પકડી પાડ્યા હતા. પોલીસે દાવ અને અંગજડતીના રોકડા રૂ.૧૦,૨૩૦ તથા રૂ. ૯,૦૦૦ની કિંમતના 3 મોબાઈલ ફોન મળી કુલ રૂ.૧૯,૨૩૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

### નવાગામ પાસે પાર્ક કરેલી બાઈકની ચોરી

કામરેજ: કામરેજના નવાગામ સ્થિત ગાંધી એસ્ટેટમાં ગોકુળ પ્લાસ્ટિકનું કારખાનું ચલાવતા સુરેશભાઈ માલવીયા (રહે.,45, લલનકૃપા સોસાયટી, વાલક)ની રૂ.૪૦,૦૦૦ની હોન્ડા બાઈક નં.(GJ 05 TF 0611) કારખાના બહારથી ચોરાઈ ગઈ હતી. આ અંગે તેમણે કામરેજ પોલીસ મથકમાં અજાણ્યા તસ્કર વિરુદ્ધ ચોરીની ફરિયાદ નોંધાવી છે.

### દયાદરા ગામમાં ચાર જુગારી ઝડપાયા

ભરૂચ: ભરૂચ રૂરલ પોલીસે દયાદરા ગામની પ્રેમનગરીમાં દરોડો પાડી સ્ટ્રીટ લાઈટના અંધારામાં જુગાર રમતા ચાર ઈસમ કિશન વસાવા, વિજય વસાવા, જુબેર ભાયજી અને આકાશ વસાવાને દબોચી લીધા હતા. પોલીસે આરોપીઓની અંગજડતીમાંથી ૨,૭૭૦ અને દાવ પરથી ૧,૭૯૦ મળીને કુલ ૪,૫૬૦નો મુદ્દામાલ કબજે કર્યો છે.

### કોસંબામાં ડમ્પર પાછળ ટ્રક ભટકાતાં એકનું મોત

હથોડા: કોસંબા નજીક ધામણોદ પાટિયા પાસે નેશનલ હાઇવે નં.48 પર રોડની સાઈડમાં ઊભેલા એક ડમ્પરની પાછળ પૂર ઝડપે આવતી ટ્રક નં.(GJ-15-UU-2146) ધડાકાભેર અથડાઈ હતી. ટ્રક ચાલક મહંમદ રહીમ મોહમ્મદ જઈરે ગફલતભરી રીતે ડ્રાઇવિંગ કરતા આ અકસ્માત નડ્યો હતો. આ ટક્કરમાં ટ્રકના ક્લીનર સાઇડનો કૂરચો બોલી ગયો હતો. અકસ્માત સમયે ક્લીનર સીટ પર બેઠેલા ૧૫ વર્ષીય કિશોર ઇરફાન રહીમને ગંભીર ઇજા પહોંચતાં તેનું મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે કોસંબા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### ભરૂચમાં અજાણ્યા વાહનની ટક્કરે હેલ્પરનું મોત

ભરૂચ: દહેજની GACL ચોકડી નજીક ગત સાંજે અજાણ્યા વાહને રાહદારીને ટક્કર મારતાં GACL કંપનીમાં હેલ્પર તરીકે ફરજ બજાવતા મૂળ મધ્યપ્રદેશના ૩૬ વર્ષીય રાકેશ કોલનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. વાહનચાલક અકસ્માત સર્જી નાસી છૂટ્યો હતો. આ અંગે કંપનીના મેનેજર ફાલ્ગુન પટેલે દહેજ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે તપાસ હાથ ધરી છે.

### લાછરસમાં દીવાલ ધરાશાયી થતાં બાળકીનું મોત

રાજપીપળા: રાજપીપળાના લાછરસ ગામના બ્રાહ્મણ ફળિયામાં બપોરે આશરે ૨:૩૦ વાગ્યે અચાનક આવેલા વાવાઝોડાને કારણે એક મકાનની દીવાલ ધસી પડી હતી. આ દુર્ઘટનામાં ઘરમાં સૂતેલી જીગ્નેશકુમાર ગોવિંદભાઈની ૧૧ વર્ષની દીકરી વિન્કુ કાટમાળ નીચે દબાઈ ગઈ હતી. તેને તાત્કાલિક બહાર કાઢવામાં આવી હતી, પરંતુ ગંભીર ઈજાને કારણે તેનું ઘટના સ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. પોલીસે આ મામલે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### રાજપીપળામાં મહિલા પર લાકડી વડે હુમલો

રાજપીપળા: રાજપીપળાના નવાગામના નીચલા ફળિયા ખાતે રહેતા સંગીતાબેન વસાવા બપોરે મનરેગા યોજનાના તળાવના કામે ગયાં હતાં. દરમિયાન ગામના જયેશ વસાવાએ ત્યાં આવી તું કેમ મારા પિતાજી સાથે ફોન પર વાતો કરે છે? તેમ કહી ઝઘડો કર્યો હતો. ઉશ્કેરાયેલા જયેશે ગાળો આપી સંગીતાબેનને લાકડી વડે માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ અંગે રાજપીપળા ટાઉન પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# IPLમાં RCBની જીત થતાં બારડોલીમાં રાત્રે ચાહકો બેફામ

**ઉજવણીમાં** ભાન ભુલેલાઓએ મહિલાઓ તરફ જોઈને જાહેરમાં બીભત્સ ઈશારા કર્યા



બારડોલી : આઈપીએલ ફાઈનલમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (RCB) ની જીત બાદ બારડોલી નગરમાં મધરાત્રે ચાહકો બેફામ બન્યા હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. જીતનો જશ્ન મનાવવાના બહાને સેંકડો યુવાનો બાઈકો અને ફોર-વ્હીલરના કાફલા સાથે મુખ્ય માર્ગો પર ઊતરી પડ્યા હતા. સૂત્રોચ્ચારો અને હોર્નના અસહ્ય ઘોંઘાટ વચ્ચે આ રેલીએ સમગ્ર જાહેર રસ્તાઓને બાનમાં લીધા હતા, જેના કારણે વાહનચાલકો અને રાહદારીઓ મુશ્કેલીમાં મુકાયા હતા.

ખૂબ જ આઘાતજનક બાબત એ રહી કે, જીતના જોશમાં ભાન ભૂલેલા કેટલાક અસામાજિક યુવકોએ રસ્તા કિનારે ઊભેલા લોકો અને મહિલાઓ તરફ જોઈને જાહેરમાં અત્યંત બીભત્સ અને અશ્લીલ ઈશારા કર્યા હતા. મેચ પૂર્ણ થયા બાદ નગરના અનેક પ્રતિષ્ઠિત પરિવારો અને મહિલાઓ રોડ પર આ માહોલ જોવા એકત્રિત થયા હતા, પરંતુ યુવકોના આવા વિકૃત પ્રદર્શનને કારણે મહિલાઓ અને દીકરીઓ ભારે શરમજનક સ્થિતિમાં મુકાઈ ગઈ હતી અને પરિવારોએ ત્યાંથી હટી જવું પડ્યું હતું.

બારડોલીમાં તહેવારો કે મેચની ઉજવણીના નામે રાત્રિના સમયે હુલ્લડબાજી કરવી અને કાયદો-વ્યવસ્થાની ઐસીતૈસી કરવી તે હવે એક ચિંતાજનક દૂષણ બની ગયું છે. આ ઘટનાને પગલે સ્થાનિક રહિશોમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે. અંતે પોલીસે અરમાન રામકિશોર ધોડિયા (ઉં.વ.૨૨) (રહે.,રાજીવનગર ગલી નં.૧, બારડોલી) અને રેહાન જાવીદ પટેલ (ઉં.વ.૧૯) (રહે.,તલાવડી બારડોલી) સામે ગુનો નોંધ્યો હતો.

## વેલાછા નજીક ડમ્પરે મોપેડને ટક્કર મારતાં દંપતીનું મોત

હથોડા: કોસંબા-વેલાછા રોડ પર વધુ એક જીવલેણ અકસ્માતની ઘટના સામે આવી છે, જેમાં એક દંપતીએ જીવ ગુમાવ્યો હતો. કોસંબાના દાદરી વિસ્તારથી મોસાલી તરફ પોતાની મોપેડ નં.(GJ 05 TX 4788) પર જઈ રહેલા દંપતીને વેલાછા ગામ નજીક એક બેફામ ગતિએ આવતા ડમ્પર નં.(GJ 21 V 9997)એ જોરદાર ટક્કર મારી હતી.

આ ભયાનક અકસ્માતમાં અયુબ ખાન ભીખન ખાન પઠાણ (ઉં.વ.૪૮) નું કરુણ મોત નીપજ્યું હતું. જ્યારે તેમનાં પત્ની નાઝમીનબેનને ગંભીર ઈજા પહોંચતા તાત્કાલિક સારવાર અર્થે કોસંબાની આરફ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જો કે, હોસ્પિટલમાં ટૂંકી સારવાર દરમિયાન તેમણે પણ દમ તોડ્યો હતો. અકસ્માત સર્જીને ડમ્પર ચાલક પોતાનું વાહન ઘટના સ્થળે જ મૂકીને ફરાર થઈ ગયો હતો.

આ ઘટનાને પગલે સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકોનો આક્ષેપ છે કે આ વિસ્તારમાં ડમ્પરો બેફામ ગતિએ દોડી રહ્યાં છે, જેના કારણે નિર્દોષ લોકોના જીવ જઈ રહ્યા છે. કોસંબા પોલીસે આ અંગે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## ૫૦ હજાર માટે જમાઈ અને વૃદ્ધ સાસુ-સસરા પર પિયરીયા તૂટી પડ્યા!

**જોળવામાં** પત્નીની માંગણી પૂરી ન થતાં મારામારી, ચાર સામે પોલીસ ફરિયાદ

પલસાણા: પલસાણાના જોળવા ગામની સીમમાં આવેલી નક્ષત્ર રેસીડેન્સીમાં રહેતા મુકેશભાઈ સંતોષભાઈ ધિવરે (ઉ.વ.૩૬) પાસે તેમની પત્ની હંસાબેને કોઈ કામ અર્થે ૫૦ હજાર રૂપિયાની માંગણી કરી હતી. મુકેશભાઈએ પોતાની પાસે આટલા પૈસા ન હોવાનું જણાવતા વિવાદની શરૂઆત થઈ હતી.આ વિવાદ વકરતા ગત તા. ૩૧/૦૫/૨૦૨૬ના રોજ સવારે મુકેશભાઈના ઘરે તેમનાં સાસુ આકાબાઇ, મામા સસરા પ્રવીણભાઇ, સાળા રીતિકભાઈ અને કૌટુંબિક સાળો લકી સહિતના સભ્યો આવ્યાં હતાં. ઘરના સભ્યો વચ્ચે જ્યારે પૈસાની વાતચીત ચાલી રહી હતી, ત્યારે મુકેશભાઈના ૬૫ વર્ષીય પિતા સંતોષભાઈએ પૈસા આપવાની ના પાડતાં સાસરી પક્ષના લોકો એકદમ ઉશ્કેરાઈ ગયા હતા. વાતચીત ઉગ્ર બનતા સાળા રીતિકે ફરિયાદીના વૃદ્ધ પિતા સંતોષભાઈને મોં અને આંખના ભાગે જોરદાર મુક્કો મારી દીધો હતો, જ્યારે અન્ય આરોપીઓ પણ તેમને માર મારવા લાગ્યા હતા. મુકેશભાઈ વચ્ચે છોડાવવા પડતાં આરોપીઓએ તેમની સાથે પણ ઝપાઝપી કરી હતી. આટલેથી ન અટકતાં સાસુ આકાબાઇ અને સાળા રીતિકે ફરિયાદીના ૬૦ વર્ષીય વૃદ્ધ માતા શોભાબેનને ઘરની બહાર વાળ ખેંચીને ઢોર માર માર્યો હતો. આરોપીઓએ જતા-જતા ધમકી આપી હતી કે, "જો હવે પછી પૈસા નહીં આપો તો તમને જાનથી મારી નાંખીશું." ઘટનાની જાણ થતા જ પલસાણા પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી. પોલીસે મુકેશભાઈ ધિવરેની ફરિયાદના આધારે સાળા રીતિક અશોકભાઈ મોરે, મામા સસરા પ્રવીણ ગોડસે, લકી અને સાસુ આકાબાઇ મોરે વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

## બોરીગાળા ગામે ખેરનું 50 વર્ષ જૂનું વૃક્ષ કાપી તસ્કરો ફરાર




માંડવી: અરેઠના મોટા નૌગામા ગામેથી બોરીગાળા જવાના રસ્તા પર આવેલા એક ખેતરમાંથી રાત્રિના અંધકારનો લાભ લઈ અજાણ્યા તસ્કરો ૫૦ વર્ષ જૂનું કીમતી ખેરનું ઝાડ કાપીને ચોરી જતાં ચકચાર મચી ગઈ છે. ગામની હદમાં આવેલા બ્લોક નં.૬૨૮ વાળા ખેતરમાં આશરે ૫૦,૦૦૦ની કિંમતનું ખેરનું વિશાળ વૃક્ષ હતું. રાત્રે ત્રાટકેલા ચોરોએ ખેતરમાં ગેરકાયદે પ્રવેશ કરી વૃક્ષ કાપી નાંખ્યું હતું અને લાકડું ફોર વ્હીલરમાં ભરી રફુચક્કર થઈ ગયા હતા. વાહન અંદર ઘુસાડતાં ખેતરમાં ઊભેલા શેરડીના પાકને પણ મોટું નુકસાન થયું હતું. સવારે ખેડૂત છગનભાઈ પરમારે ઘટના જોઈ તડકેશ્વર પોલીસ સ્ટેશન તેમજ વન વિભાગમાં લેખિત ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી વન ચોરોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યાં છે.

# બારડોલીમાં જૂની કોર્ટ સામે ગેરકાયદે ચર્ચના બાંધકામ મુદ્દે સ્થળ નિરીક્ષણ

**જમીનના** કોઈપણ પ્રકારના દસ્તાવેજ, સાટાખત અને મંજૂરી પણ નહીં મળતાં તપાસ તેજ

બારડોલી: બારડોલી નગરમાં જૂની કોર્ટ સામે આવેલી ખાડા વસાહત તરીકે ઓળખાતી જમીનમાં એક નવો વિવાદ સામે આવ્યો છે. અહીં વર્ષો જૂની 'જીવનદીપ ચર્ચ' કાર્યરત છે, જેની બરોબર બાજુમાં સત્તાવાર મંજૂરી વગર વધુ એક કથિત ચર્ચનું બાંધકામ ચાલી રહ્યું હોવાનો મુદ્દો ટોક ઓફ ધ ટાઉન બન્યો છે. આ મામલે બારડોલી તાલુકા મામલતદાર દ્વારા તાત્કાલિક ધોરણે વિવાદાસ્પદ બાંધકામ બંધ કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો, ત્યારબાદ સોમવારે સરકારી તંત્ર દ્વારા ફરી એકવાર સ્થળ તપાસ હાથ ધરવામાં આવી હતી.

અહેવાલો અનુસાર ખાડા વસાહતમાં બ્લોક નં. ૪૭૫/ક/૨ તથા ૪૭૫/અ નામના પ્લોટ પર મૂળ ચર્ચ આવેલી છે. તાજેતરમાં આ ચર્ચમાંથી છૂટા પડેલા ગીરીશ સુરેશ ચૌધરી નામના શખ્સ દ્વારા હયાત ચર્ચની પૂર્વ દિશામાં અન્યની જમીન પર ગેરકાયદે પ્રવેશ કરી મોટું ચણતર કામ કરવામાં આવ્યું હતું અને છત પર પતરાં પણ લગાવી દેવાયાં હતાં. આ વિસ્તારમાં આદિવાસી હળપતિ સમાજના યુવક-યુવતીઓને અવનવી લાલચો આપીને ધર્મપરિવર્તન કરાવાતું હોવાની આશંકાઓ વચ્ચે થોડા દિવસ પહેલાં એક જાગૃત નાગરિકે મામલતદાર કચેરીનો સંપર્ક કર્યો હતો. જેને પગલે બારડોલી મામલતદાર કચેરીની ટીમે સ્થળ નિરીક્ષણ કરી, પંચોની હાજરીમાં વિડીયોગ્રાફી સહિતનું પંચનામું કર્યું હતું.

પંચોએ પણ પ્રથમ દૃષ્ટિએ આ બાંધકામ ચર્ચ માટે થતું હોવાનું જણાવ્યું હતું. ગીરીશ ચૌધરી પાસે આ બાંધકામ માટેની કોઈ પરવાનગી ન હોવાથી મામલતદાર અને એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ દ્વારા બાંધકામ અટકાવવાનો હુકમ કરાયો હતો. સ્થાનિક સ્તરે એવી પણ ચર્ચા છે કે ગરજવાન યુવક-યુવતીઓને લગ્ન અને નોકરીની લાલચ આપી ધર્મપરિવર્તન કરાવવામાં આવી રહ્યું છે. શહેરમાં ઓલરેડી એક મોટી ચર્ચ હોવા છતાં, તેની બિલકુલ નજીક બીજી ચર્ચ ઊભી કરવાના પ્રયોજન અને જૂની ચર્ચના રસ્તાને અવરોધવાના પ્રયાસ સામે લોકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે.

આજે ફરી એકવાર યોજાયેલી સ્થળ તપાસ દરમિયાન બાંધકામ કરનાર આસામીએ દાવો કર્યો હતો કે આ તેનું રહેઠાણ છે. જો કે, સોશિયલ મીડિયા પર 'હાઉસ ચર્ચ'ના નામે મોટું ઉઘરાણું કરાતું હોવાની જાહેરાતો પણ સામે આવી છે.

સરકારી તપાસ દરમિયાન સર્કલ ઓફિસર સમક્ષ ગીરીશ ચૌધરી જમીનના કોઈપણ પ્રકારના દસ્તાવેજ, સાટાખત કે બાંધકામની અધિકૃત મંજૂરી રજૂ કરી શક્યા નહોતા. અધિકારી દ્વારા આ અંગેનો એક તટસ્થ રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો છે. આ ગેરકાયદે બાંધકામનો મામલો આગામી દિવસોમાં કેવું સ્વરૂપ પકડે છે તેના પર સૌની નજર મંડાયેલી છે.

## અમલસાડી પાસે બુલેટ અને પલ્સર વચ્ચે અકસ્માત

**ઉમરપાડાના** ખોખવડનો યુવાન બાઇક પર માંડવી તરફ આવી રહ્યો હતો, અકસ્માતમાં બ્રેઇન હેમરેજ થયું




માંડવી: અમલસાડીના બસ સ્ટેશન પાસે અરેઠથી માંડવી જતા રોડ પર બપોરે બુલેટના અજાણ્યા ચાલકે સામેથી આવતી પલ્સર બાઈકને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં પલ્સર ચાલક ૨૩ વર્ષીય યુવકને બ્રેઈન હેમરેજ સહિત શરીરે ગંભીર ફ્રેક્ચર થતાં તે હાલ સુરતની ખાનગી હોસ્પિટલના ICU વોર્ડમાં જીવનમરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યો છે.

ઉમરપાડાના ખોખવડ ગામનો વતની અને કીમ-પીપોદરાની કંપનીમાં મજૂરી કરતો કુંદન સુરપસિંગ વસાવા (ઉં.વ.૨૩) પલ્સર બાઈક નં.(GJ-19-BS-0183) લઈને માંડવી આવી રહ્યો હતો. દરમિયાન અમલસાડી બસ સ્ટેશન નજીક સામેથી બેફામ ગતિએ આવતી બુલેટ (GJ-26-AC-0977)ના ચાલકે તેને અડફેટે લીધો હતો. અકસ્માતમાં કુંદનને ઈજા થતાં ૧૦૮ મારફતે માંડવી સરકારી હોસ્પિટલ અને ત્યાંથી બારડોલી ખસેડાયો હતો. સી.ટી. સ્કેનમાં માથામાં હેમરેજ જણાતાં વધુ સારવાર માટે તેને ખાનગી હોસ્પિટલના ICUમાં દાખલ કરાયો છે. આ અંગે યુવકના પિતાએ બુલેટ ચાલક વિરૂદ્ધ માંડવી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# વાઘેચ-કુવાડિયામાં સરકારી જમીનમાંથી ગેરકાયદે માટી ચોરી, મુદ્દામાલ સીઝ

**ગ્રામજનોની** અનેક ફરિયાદો બાદ તંત્ર જાગ્યું, 61 લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો




બારડોલી: બારડોલીની વાઘેચ ગ્રામ પંચાયત હેઠળ આવતા કુવાડિયામાં સરકારી જમીનમાંથી માટી ચોરી કરતા ભૂમાફિયાઓ સામે તંત્રએ આખરે કાર્યવાહી કરી 61 લાખથી વધુનો મુદ્દામાલ સીઝ કર્યો છે. આ કાર્યવાહીને પગલે ભૂમાફિયાઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.

બારડોલીના કુવાડિયા ગામે છેલ્લા લાંબા સમયથી ભૂમાફિયાઓ સરકારી જમીન તેમજ સરકાર દ્વારા જમીન વિહોણા ખેડૂતોને ફાળવવામાં આવેલી જમીનોમાંથી માટી ચોરીનું મોટું નેટવર્ક ચલાવવામાં આવી રહ્યું હતું. ભુમાફિયાઓ બેફામ રીતે ફળદ્રુપ જમીનમાંથી માટી ખોદી ઊંડા તળાવ બનાવી રહ્યાં હતાં. આ મામલે વાઘેચ ગામના સરપંચથી લઈ ગ્રામજનોએ પણ તંત્રમાં અવારનવાર ફરિયાદો કરી હતી. જો કે તેમનું કોઈ સાંભળતું ન હતું. અંતે ગ્રામજનોની ઉગ્ર રજૂઆત અને પંચાયત બોડીની રાજીનામા આપવાની ચીમકી બાદ તંત્ર હરકતમાં આવ્યું હતું. અને બારડોલી મામલતદાર કલ્પનાબેન પટેલ અને તેમની ટીમે સ્થળ પર છાપો મારવામાં આવતાં ભૂમાફિયા અને તેમના સાગરીતોમાં દોડધામ મચી ગઈ હતી. દરોડા દરમિયાન તંત્રએ સ્થળ પરથી એક હિતાચી મશીન કિં.રૂ.27 લાખ અને માટી ભરેલા ડમ્પર કિં.રૂ. 34 લાખ મળી કુલ 61 લાખનો મુદ્દામાલ સીઝ કર્યો હતો. આ દરોડોની જાણ થતાં જ આજુબાજુના વિસ્તારોમા રેતી અને માટી ચોરી કરતા લોકોમાં ફફડાટ વ્યાપી ગયો હતો.

## ઉકાઈ જળાશયમાં ડૂબી ગયેલા કોન્સ્ટેબલની લાશ મળી આવી

વ્યારા: ઉચ્છલના જામકી ગામમાં મિની ગોવા ગણાતા સ્થળે મિત્રો સાથે ફરવા ગયેલ સોનગઢના કિકાકુઈ ગામનો વતની અને સુરતમાં સચિન ખાતે પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતો 33 વર્ષીય કોન્સ્ટેબલ દીપક રમેશ ગામીત (ઉં.વ.33) ગત તા.31મીએ જામકી પાસે ઉકાઈ જળાશયમાં ડૂબી ગયો હતો. જેની બીજા દિવસે સવારે 6 વાગ્યે ઘટના સ્થળ પાસે ઉકાઈ જળાશયના કિનારે મળી લાશ મળી હતી.

## ગડખોલ વિસ્તારમાંથી બાળક ગુમ



અંકલેશ્વર: અંકલેશ્વરના ગડખોલ વિસ્તારની આનંદવિહાર સોસાયટીમાંથી ૧૦ વર્ષીય અંકુશ યાદવ રહસ્યમય રીતે ગુમ થયો છે. ૨૯ મેના રોજ સવારે ઘરેથી ગુમ થયેલા બાળકની રેલવે સ્ટેશન, બસ સ્ટેન્ડ અને સગા-સંબંધીઓમાં શોધખોળ છતાં કોઈ પત્તો મળ્યો નથી. કોઈ અજાણ્યા શખ્સે બાળકનું અપહરણ કર્યું હોવાની આશંકા સાથે માતા ગુંજાદેવીએ પોલીસ ફરિયાદ નોંધાવી છે.

## અંકલેશ્વરમાં વર્લ્ડ નો ટોબેકો ડે નિમિત્તે કાર્યક્રમ

અંકલેશ્વર: અંકલેશ્વરમાં માનવ કલ્યાણ સેવા ટ્રસ્ટ દ્વારા વર્લ્ડ નો ટોબેકો ડે નિમિત્તે રવિવારે જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે કેન્સર અને સર્જરી ક્ષેત્રના નિષ્ણાત ડો.દિવ્યેશ પાઠક ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે હોદ્દેદારો, સમાજના અગ્રણીઓએ હાજરી આપી હતી.


(નાણાં મંત્રાલય, ભારત સરકાર)

**ઋણ વસૂલી અધિકરણ - II**

સત્યમેવ જયતે

ત્રીજો માળ, ભીખુભાઈ ચેમ્બર્સ, કોચરબ આશ્રમની પાસે, પાલડી, અમદાવાદ, ગુજરાત.

ફોર્મ નં. ૨૨ (પહેલા ૬૨) {ડીઆરટી રેગ્યુલેશન ૨૦૨૪ ના નિયમ ૩૫ અને ૩૬} (ઈન્કમટેક્ષ એક્ટ - ૧૯૬૧ના બીજા શિડયુલમાં નિયમ ૫૨(૧) (૨) જુઓ) નાદારીની બાકી લ્હેણાંની વસુલાતના ૧૯૯૩ ના કાયદા સાથે વંચાણી લેતા વેચાણની જાહેરાત

**ઈ-હરાજી / વેચાણ નોટીસ [THROUGH REGD.AD/DASTI/AFFIXATION/BEAT OF DRUM/PUBLICATION]**

RP/RC NO. 1379/2003 — OA No. 174/1999

| | |
|---|---|
| પ્રમાણપત્ર ધારણકર્તા | કેનરા બેંક |
| V/s | |
| પ્રમાણીત દેવાદાર | મે. નુતન ક્રિમ્પર્સ અને અન્યો |

પ્રતિ,
**સી.ડી. નં. ૧ : મે. નુતન ક્રિમ્પર્સ,** ૨૧૪, ૨૧૫, ઝુબેર ચેમ્બર્સ, મોઈનવાડી, સલાબતપુરા, સુરત.
**ફેક્ટરી :** પ્લોટ નં. એલ-૧૪૨૭, જીઆઈડીસી, પાનોલી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, પાનોલી (જીલ્લો - ભરૂચ).
**સી.ડી. નં. ૨ :- મોહમ્મદ હાઝી ઈસ્માઈલ ગોદિલ, પ્રો. નુતન ક્રિમ્પર્સ,** ૪૯, નિશાત સોસાયટી, અડાજણ પાટીયા, સુરત.

સદરહુ **સીડીઓ નં. ૧ થી ૨, OA No. 174/1999,** તારીખ : ૧૫.૧૧.૨૦૦૨ ના ચુકાદાની શરતો મુજબ બાકી લ્હેંણી રકમ **રૂા. ૧૧,૮૦,૯૦૫.૧૬ (રૂા. અગિયાર લાખ એંસી હજાર નવસો પાંચ અને સોળ પૈસા પુરા)** વત્તા તા. ૧૮.૦૫.૧૯૯૯ ના રોજ થી વ્યાજ સહીત ચુકવવામાં નિષ્ફળ ગયા છે તેથી હાલની આ વેચાણ નોટીસ છે. મારા હુકમ **તા. ૨૭.૦૧.૨૦૨૬** મુજબ, નીચે દર્શાવેલ મિલકતોનું જાહેર ઈ - હરાજી મારફતે વેચાણ ઉપર જણાવેલ વિગત માટે કરવામાં આવશે. હરાજી વેચાણ **"ઓનલાઈન ઈ - હરાજી"** દ્વારા વેબસાઈટ : **https://baanknet.com** મારફતે કરવામાં આવશે.

| લૉટ નં. | મિલકતનું વર્ણન | અનામત કિંમત (રૂા. માં) રાઉન્ડેડ ઓફ | ઈએમડી ૧૦% (રૂા. માં) અથવા રાઉન્ડેડ ઓફ |
|---|---|---|---|
| ૧. | મે. નુતન ક્રિમ્પર્સ ના નામની સ્થાવર મિલકતનો તમામ ભાગ અને હિસ્સા સાથેનો પ્લોટ નં. એલ-૧૪૨૬, જીઆઈસીડી, પાનોલી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, પાનોલી (જીલ્લો - ભરૂચ). | રૂા. ૧૫.૦૦ લાખ | રૂા. ૧.૫૦ લાખ |
| ૨. | મે. નુતન ક્રિમ્પર્સ ના નામની સ્થાવર મિલકતનો તમામ ભાગ અને હિસ્સા સાથેનો પ્લોટ નં. એલ-૧૪૨૭, જીઆઈસીડી, પાનોલી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, પાનોલી (જીલ્લો - ભરૂચ). | રૂા. ૧૫.૦૦ લાખ | રૂા. ૧.૫૦ લાખ |

***નોંધ :** (૧). સીએચ બેંક પાસેથી મળેલી માહિતી મુજબ, બંને મિલકતો પર ગુજરાત ઈલેક્ટ્રીસીટી બોર્ડ ના કુલ આશરે ૧ કરોડ રૂપિયાના દેવા બાકી છે.
(૨). ઈએમડી ઈ-હરાજી વેબસાઈટ : https://baanknet.com એટલે કે baanknet દ્વારા વોલેટમાં જમા કરાવવાની રહેશે. સૌથી વધુ બોલી લગાવનાર વ્યક્તિએ બેંકનેટ વોલેટમાં ચુકવેલી ઈએમડી ની અંતિમ બિડ રકમના ૨૫% એડજસ્ટમેન્ટ આગામી બેંક કાર્યવાહી દિવસ સુધીમાં RTGS/NEFT દ્વારા નીચે નીચે મુજબની વિગતો મુજબ જમા કરાવવાના રહેશે.

| | | | |
|---|---|---|---|
| લાભાર્થી બેંકનું નામ | કેનરા બેંક | શાખા | કોટસફીલ મેઈન રોડ શાખા |
| લાભાર્થી બેંકનું સરનામું | અન્નપૂર્ણા, કોટસફીલ મેઈન રોડ, સુરત - ૩૯૫૦૦૩. | | |
| લાભાર્થી એકાઉન્ટ નં. | 20272434 | IFSC Code | CNRB0000336 |

૧. બીડ વધારવાની રકમ લૉટ નં. ૧ અને ૨ માટે રૂા. ૧૦,૦૦૦/-છે.
૨. સંભવિત પ્રસ્તાવકારો ઓનલાઈન તાલીમ મેળવવા માટે **મે. પીએસબી એલાયન્સ (BAANKNET Auction Portal) (ટેલિ. હેલ્પલાઈન નં. +૯૧ ૮૨૯૧૨૨૦૨૨૦), હેલ્પ લાઈન ઈમેલ આઇડી : support.BAANKNET@psballiance.com** નો સંપર્ક કરવો મિલકતને લગતી અન્ય માહિતી માટે **(મોબાઈલ નંબર. ૮૨૩૮૦૯૨૦૧૦ / ૭૨૨૭૦૧૯૯૩૫ / ૯૮૯૯૭૨૧૪૦૩ / ૯૭૧૩૦૦૦૪૯૫) અને ઈમેલ : cbo336@canarabank.com** નો સંપર્ક કરવો.
૩. પ્રસ્તાવકારોને જણાવવાનું કે વધુ માહિતી અને શરતો તથા નિયમો માટે ઈ-હરાજી થી પ્રસ્તાવ મોકલતાં પહેલાં અને ઈ હરાજીની પ્રક્રિયામાં ભાગ લેતા પહેલાં વેબ સાઈટ **https://baanknet.com** જોઈ લેવી.
૪. સંભવિત બિડરોને હરાજી પુર્ણ થયા પછી તરત જ ૨૫% (ઈએમડી રકમ બાદ કરીને) રકમની ચુકવણીનું પાલન કરવાની સલાહ આપવામાં આવે છે અને હરાજી ની તારીખ થી ૧૫ દિવસની અંદર ૭૫% રકમ અને જો ૧૫ માં દિવસે રવિવાર હોય કે અન્ય રજા હોય, તો પરત પછી ના કાર્યકારી દિવસ માન્ય ગણાશે. એક્સ્ટેંશન માટેની કોઈપણ વિનંતીને ધ્યાનમાં લેવામાં આવશે નહીં.
૫. આ મિલકત **"જ્યાં છે ત્યાં, "જેવી છે તેમ" અને "જેમ છે તેમ" ના આધારે વેચાણ** કરવામાં આવશે અને સંભવિત ખરીદનારને યોગ્ય રીતે પૂર્વ ખાતરી કરી લેવી.
૬. ઈરાજીની વિગતો નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| ૧. | સ્પોટ નોટીસ થ્રુ એફીકશન, પેપર પબ્લિકેશન, ડ્રમ્સ, પંચનામા, નવીનતમ ફોટોગ્રાફસ | તા. ૦૫.૦૬.૨૦૨૬ |
| ૨. | મિલકતનું નિરીક્ષણ | ૧૭.૦૬.૨૦૨૬, સવારે ૧૧.૦૦ થી બપોરે ૨.૦૦ વચ્ચે |
| ૩. | ઈએમડી ની રકમ અને ચુકવણીના પુરાવા સહિત દસ્તાવેજો અપલોડ કરવાની છેલ્લી તારીખ | ૨૧.૦૭.૨૦૨૬, સાંજે ૫.૦૦ વાગ્યા સુધીમાં |
| ૪. | ઈ - હરાજી | ૨૨.૦૭.૨૦૨૬, બપોરે ના ૧૨.૦૦ થી ૧.૦૦ વાગ્યા સુધી (ઈ - હરાજી સમાપ્ત થાય ત્યાં સુધી ૩ મિનિટની સ્વયંમ વધારા સાથે) |

SEAL

(અનુભા દુબે)
રીકવરી ઓફિસર - I,
ઋણ વસૂલી અધિકરણ-II,
અમદાવાદ.

(વિવાદ ની સ્થિતીમાં અંગ્રેજી આવૃતિને માન્ય રાખવામાં આવશે)